# THE NAVNIRMAN CO-OPERATIVE BANK LTD.

"NAVNIRMAN BANK BHAVAN"

OPP. SHRIMALI SOCIETY, RASALA MARG, NAVRANGPURA, AHMEDABAD-380 009.

તા.૧૬/૦૯/૨૦૨૩

**સરફેસી એક્ટ ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલ્કતોના વેચાણ માટેની જાહેર સૂચના પ્રયત્ન-૨**

સરફેસી એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ જારી કરાયેલી નોટીસના અનુસંધાનમાં ધી નવનિર્માણ કો-ઓપ.બેંક લી.,ના અધિકૃત અધિકારીએ નીચેની મિલ્કતનો ભૌતિક કબજો લીધો હતો. માટે જયારે લેણાંની ચુકવણી કરવામાં ઉધાર લેનારની નિષ્ફળતાના પરિણામે, ઉપરોક્ત અધિનિયમની કલમ ૧૩(૪) નિયમ ૮(૫) અને (૬) હેઠળ આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરી વસુલાત કરવા મિલ્કતનો જયાં છે ત્યાં અને જેવી છે તેવીના આધારે વેચાણ ધ્વારા બેંકના લેણાંની વેચાણ હરાજી તા.૨૧/૦૮/૨૦૨૩ ના રોજ રાખેલ હતી. તે હરાજી નિષ્ફળ થવાથી સદર મિલ્કતનું વેચાણ નીચે સહી કરનાર ધ્વારા ફરીથી કરવામાં આવશે.

## સ્થાવર મિલ્કતનું વર્ણન

| | |
|---|---|
| ઉધાર લેનારનું નામ | પ્રેમવતી ફૂડ પ્રોડકટસ, પ્રો.ચિંતન શાંતિલાલ પરમાર |
| સિકયોર્ડ મિલ્કતનું વર્ણન | જત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૨ (નિકોલ) ના અસારવા તાલુકાના મોજે : નિકોલ ની સીમના સર્વે નં.૧૭/૩, ટી.પી.સ્કીમ નં.૧૧૧ (નિકોલ-કઠવાડા) ઉપર બંધાવેલ "હેરીટેજ-૨" ફલેટ નં.૭૦૩ વાળી આશરે ૮૧.૭૮ ચો.મી. ના કારપેટ એરીયા તથા બાલ્કની તથા વોશ એરીયાનો કુલ ૭.૩૬ ચો.મી. મળી કુલ ૮૯.૧૪ ચો.મી. બાંધકામવાળી મિલ્કત. જેની ખુંટ ચારની વિગત.<br>પૂર્વે : ફલેટ નં.૭૦૨ આવેલ છે.<br>પશ્ચિમે : ખુલ્લી જગ્યા મુકી કમ્પાઉન્ડ વોલ આવેલ છે.<br>ઉત્તર : આંતરીક રસ્તો આવેલ છે.<br>પશ્ચિમે : ખુલ્લી જગ્યા મુકી કમ્પાઉન્ડ વોલ આવેલ છે. |
| રીઝર્વ કિંમત | ૫૨,૦૦,૦૦૦/- |
| અનામત રકમ ડીપોઝીટ | ૫,૨૦,૦૦૦/- |

**વેચાણના નિયમો અને શરતોની વિગતો માટે મહેરબાની કરી અમારી વેબસાઈટ https://www.navnirmanbank.com ના સંદર્ભ લેવો.**

મિલ્કત નિરીક્ષણની તા.30/0૯/૨૦૨૩ સવારે ૧૧.00 થી ૧.00 કલાકે,
ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા.૧૩/૧૦/૨૦૨૩ સાંજે ૪.30 સુધી.
ટેન્ડર ખોલવાની તા.૧૮/૧૦/૨૦૨૩ સવારે ૧૧.30 કલાકે બેંકની મુખ્ય કચેરીએ.

ઉધાર લેનારા / જામીનદારોને આથી ઉપરોક્ત મુજબની રકમ હરાજીની તારીખ પહેલા અપ-ટુ-ડેટ વ્યાજ અને આનુશંગિક ખર્ચાઓ સાથે ચુકવવા માટે સુચિત કરવામાં આવે છે. જો તે નિષ્ફળ જશે તો મિલ્કતની હરાજી / વેચવામાં આવશે અને બાકી લેણા જો કોઈ હોય તો / વ્યાજ અને ખર્ચા સાથે વસુલ કરવામાં આવશે.

**નિયમો અને શરતો :-** "જયાં છે ત્યાં પ્રમાણે" અને "જેમ છે તે પ્રમાણે" હરાજી કરવામાં આવી રહી છે. સુરક્ષિત સંપત્તિનું વેચાણ રીઝર્વ કિંમતથી નીચે કરવામાં આવશે નહીં. હરાજી વેચાણ બેંકની મુખ્ય કચેરી ખાતે યોજાશે. અધિકૃત અધિકારીને શ્રેષ્ઠ જાણકારી અને માહિતી મુજબ મિલ્કત પર કોઈ બોજો નથી. જો કે ઈચ્છુક બિડરોએ તેમની બિડ સબમિટ કરતા પહેલા હરાજીમાં મુકવામાં આવેલી મિલ્કતના ટાઈટલ અંગે તેમની સ્વતંત્ર પૂછપરછ કરવી જોઈએ. હરાજીની જાહેરાત બેંકની કોઈપણ પ્રતિબધ્ધતા કે રજુઆત વ્યક્ત કરતી નથી અને માનવામાં આવશે નહીં.પ્રોપર્ટી વર્તમાન અને ભવિષ્યના તમામ બોજા સાથે વેચવામાં આવી રહી છે. પછી તે બેંકને જાણતી હોય કે અજાણી હોય. અધિકૃત અધિકારી / સુરક્ષિત લેણદાર કોઈપણ તૃતીય પક્ષના દાવાઓ / અધિકારો / લેણાં માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. બીડ સબમીટ કરતા પહેલા સંપત્તિનું સ્પષ્ટીકરણ તે વિશે તપાસ કરવાની અને સંતુષ્ટ કરવાની બિડર્સની જવાબદારી રહેશે. બિડરોએ તેમની બિડ EMD સાથે સબમીટ કરવી પડશે. ચેકો વસુલાતને આધિન હશે. ઈચ્છુક બિડર / ખરીદનાર બિડ સબમીટ કરવાની છેલ્લી તારીખ અથવા તે પહેલા EMD ચૂકવણી, ઓળખ, પાનકાર્ડ વગેરેના પુરાવા સાથે બિડ સબમીટ કરવાની જરુર છે. જેના વિના બિડ નકારણીને પાત્ર રહેશે. રસ ધરાવતા બિડર કે જેમને બિડ સબમીટ કરવામાં અથવા મિલ્કત સંબંધીત કોઈપણ પ્રશ્ન માટે સહાયની જરુર હોય તેઓ બેંકની મુખ્ય કચેરી ખાતે અધિકૃત અધિકારીનો સંપર્ક કરી શકે છે. રસ ધરાવતા બિડર કે જેમણે જરુરી દસ્તાવેજો સાથે તેમની બીડ તા.૧૩/૧૦/૨૦૨૩ બપોરના ૪.30 વાગ્યા સુધીમાં અથવા તેની પહેલા સબમીટ કરી છે. તે દસ્તાવેજોની યોગ્ય ચકાસણી અને / અથવા અધિકૃત અધિકારીની મંજુરીને આધિન હરાજી પ્રક્રિયામાં ભાગ લેવા માટે પાત્ર રહેશે.હરાજી પ્રક્રિયા બંધ થવા પર રીઝર્વ પ્રાઈસથી ઓછી ન હોય તેવી સૌથી વધુ બિડની રકમ સબમીટ કરનાર બિડર્સને અધિકૃત અધિકારી ધ્વારા સફળ બિડર જાહેર કરવામાં આવે છે. જરુરી ચકાસણી પછી સફળ બિડરની EMD આંશિક વેચાણની વિચારણા માટે જાળવી રાખવામાં આવશે અને અસફળ બિડરના EMD રીફંડ કરવામાં આવશે. એનેસ્ટ મની ડિપોઝીટ પર વ્યાજ મળશે નહીં. સફળ બિડરે વેચાણ કિંમતના ૨૫ ટકા અધિકૃત અધિકારી ધ્વારા બિડની કિંમત સ્વીકાર્યાના ૨૪ કલાક પછી અને બાકીના ૭૫ ટકા વેચાણના 30 દિવસ અથવા તે પહેલા આવી ચુકવેલ EMD સમાયોજીત કરીને અધિકૃત અધિકારીના વિવેક બુધ્ધિથી લેખિતમાં સંમત થયા મુજબ જમા કરવાના રહેશે. સફળ બિડ ધ્વારા ચુકવણીમાં ડિફોલ્ટ થવાના કિસ્સામાં બિડર ધ્વારા પહેલેથી જ જમાં કરવામાં આવેલી રકમ જપ્ત કરવામાં આવશે અને મિલ્કતની ફરી હરાજી થશે. ડીફોલ્ટ કરનાર બિડર પાસે મિલ્કતના સબંધમાં કોઈ દાવો / હકક રહેશે નહી. ખરીદ પર લાગુ પડતી સ્ટેમ્પ ડયુટી / વધારાની સ્ટેમ્પ ડયુટી / ટ્રાન્સફર ચાર્જીસ / ફી વગેરે અને તમામ વૈધાનિક / બિન વૈધાનિક બાકી લેણાં, કર, દર, આકારણી શુલ્ક વિગેરે કોઈપણ બાકી છે. તે ખરીદનારના માથે રહેશે. અધિકૃત અધિકારી મહત્તમ ઓફર સ્વીકારવા માટે બંધાયેલા નથી અને અધિકૃત અધિકારીને કોઈપણ અથવા તમામ ઓફરોને સ્વીકારવા અથવા નકારવાનો અથવા કોઈપણ કારણ આપ્યા વિના હરાજીને મુલતવી / સ્થગિત / રદ કરવાનો સંપુર્ણ અધિકાર છે.

અધિકૃત અધિકારી
ધી નવનિર્માણ કો-ઓપ.બેંક લી.

તા.૧૬/૦૯/૨૦૨૩
સ્થળ : અમદાવાદ